SAMVAD E-JOURNAL
ISSN : 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 3, Issue-1, Special Issue-January: 2025
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# 6. ઉત્તર ગુજરાતના ડુંગરી ભીલોની લોકવાર્તાઓ

ડૉ. ભરત સોલંકી

લોકસાહિત્યિના ક્ષેત્રમાં અને તેમાંય સંશોધન સંપાદનનાં ક્ષેત્રમાં ભગવાનદાસ પટેલનું સ્થાન નોંધપાત્ર છે. તેમણે વિશેષ કરીને ઉત્તર ગુજરાતના વિભિન્ન ક્ષેત્રમાં ફરીફરીને આદિવાસીઓનું લોકસાહિત્ય વિશેષ ખેડ્યું છે. લોકસાહિત્યમાં જ્યારે સંપાદનની વાત કરીએ ત્યારે વિશેષ જવારદારીનું કાર્ય બની જાય છે. લોકગીતો હોય કે લોકકથા-વાર્તા હોય તેને તે જ બોલીમાં શબ્દસહ અને શાસ્ત્રીય દષ્ટિકોણથી સંપાદિત કરવું એ આગવી સૂઝ-સમજણ અને ગંભીરતા માંગી લે છે. અહીં શ્રી ભગવાનદાસ પટેલના ઉત્તર ગુજરાતના આદિવાસીઓની લોકકથાઓ અથવા લોકવાર્તાનાં સંપાદન ક્ષેત્ર કરેલા પ્રદાન વિશે મૂલવવાનો પ્રયાસ છે. ભગવાનદાસ પટેલે આદિવાસી લોકકથાના ક્ષેત્રમાં નીચે મુજબનાં સંપાદનનાં નોંધપાત્ર ગ્રંથો આપેલાં છે.

**૧. રાઠોરની વારતા :**

ભગવાનદાસ પટેલ પાસેથી ભીલી લોકમહાકાવ્ય રાઠોરની વારતા (૧૯૯૨) માં પ્રાપ્ત થાય છે. અહીં કહેવાતી વાર્તા પાબૂજી છે જેનો મૂળ સંબંધ રાજસ્થાન સાથે છે. આ વાર્તાના મૂળમાં રાજસ્થાનની રચનામાં છે. જયચંદ રાઠોડ દેશદ્રોહ કરીને મુસલમાનોની મદદ કરે છે અને હિન્દુ સત્તાનો નાશ કરે છે. આમ થવાથી તેનાં વંશજો સતત તિરસ્કાર અને ઉપેક્ષાનો ભોગ બન્યા હતાં. આથી જયચંદે ગંગામાં પડી આપઘાત કરી મોતને વહાલુ કર્યું હતું. આ પ્રસંગને ઉત્તર ગુજરાતની ભીલી લોકકથામાં જે રીતે વ્યક્ત થાય છે તેને ભગવાનદાસ પટેલે મૂકી આપ્યુ છે. અહીં કથાનક કથા-વારતાને સ્વરૂપે પ્રગટ થયેલુ છે. ભીલોની જાતિઓમાં મોટો વિસ્તાર 'ડુંગરી ભીલીઓ' નો છે. આ લોકવાર્તા ભગવાનદાસ પટેલ ખેડવા નામના ગામના ગમાર નાથાભાઇ ભૂરાભાઇ સાથે સંપર્કમાં રહી મેળવી છે. આ લોકવારતામાં સળંગ-સૂત્રતા, કથાનકની રસિકતા વગેરે દષ્ટિએ નોંધપાત્ર છે.

**૨. ગુજરાંનો અરેલો :**

શ્રી ભગવાનદાસ પટેલ પાસેથી બીજી લોકવારતા અને એ પણ ડુંગરી ભીલોની તે 'ગુજરાતનો અરેલો' (૧૯૯૩) છે. અહીં આ શીર્ષકનો અર્થ સમજવાનો પ્રયત્ન કરીએ તો 'ગૂર્જરો' અને 'અરેલો' બે શબ્દો મળે છે. આનો અર્થ હડી કાઢીને ગવાતી દીર્ઘ કથાકાવ્ય એવો થાય છે. આ વાર્તા પણ રાજસ્થાની બગડાવત કથાનો સંદર્ભ લઇને રચાઇ છે. ઇ.સ.૧૯૮૩માં રાજસ્થાની સરહદની સીમાને સ્પર્શતા ગુજરાતના બહેડિયા નામના ગામમાંથી ધ્વનિમુદ્રિત થયેલી છે. આ વારતા ભગવાનદાસે સંપાદિત કરી તે પૂર્વે મહુડા ગામના ગમાર રાજાભાઇ ધૂળાભાઇ પાસેથી સાંભળેલી આ પહેલાં આ વિસ્તારમાં આ વાર્તા છૂટક છૂટક ગવાતી હતી, તેમાં તૂટક તૂટક અંશો મેળતાં હતાં. આ બધાને જોડીને તેને ક્રમબધ્ધ ગોઠવીને સળંગ વારતારૂપે ભગવાનદાસે પોતાની પ્રતિભાના બળે સંપાદિત કરી મૂકી આપી છે.

**૩. તોળી રૉણીની વારતા :**

ભગવાનદાસ પટેલ પાસેથી 'તોળી રૉણીની વારતા' (૧૯૯૩) માં પ્રાપ્ત થાય છે. આ પણ ખેડબ્રહ્મા આસપાસના આદિવાસીઓ પાસેથી મૂળે સામગ્રીરૂપે મેળવેલ છે. આ સંપાદન ભીલી કથાકથન શૈલીમાં છે. અહીં ભજન ગવાય વાર્તા મંડાય અને વચ્ચે વચ્ચે હોંકારા દેવાતા જાય. આ વાર્તામાં આરંભમાં ભીલ આદિવાસીઓની સંસ્કૃતિ તથા બીજ-પાટની ઉપાસના અને તોળીરાણીની કથા તેના ધાર્મિક સંદર્ભ સાથે સંપાદિત કરી છે. આપણે ત્યાં જેસલ-તોરલના સંદર્ભે અનેક ભજનો મળે છે. તે જ રીતે કચ્છ, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં આ વારતા ગદ્યમાં પણ મળે છે. આમ આ પણ જેસલ-તોરલની કથા તેમજ બીજ-પાટની ઉપાસના વર્ણવતું મહત્વનું સંપાદન છે.

**૪. રોમ-સીતામાની વારતા :**

ભગવાનદાસ પટેલ પાસેથી ભીલી લોકાખ્યાન 'રામ-સીતામાની વારતા' (૧૯૯૫) માં પ્રાપ્ત થાય છે. આ સંપાદનમાં મૂળ ભીલી પાઠ આરંભમાં છે. પછી વિવિધ કથાઓ તબક્કા પ્રમાણે સંપાદિત કરી છે. અહીં આ વારતા પૌરાણિક અને ઐતિહાસિક લોકમહાકાવ્યોની પ્રાચીન મૂળની પરંપરાગત નિરૂપણરીતિ શૈલીમાં છે. વળી આ કથા-વારતામાં તુલસીકૃત રામાયણની કથા-વારતાથી આ વારતા કેટલી ભિન્ન છે, તેની પાછળ કયા કારણો છે તેની પણ શાસ્ત્રીય ચર્ચા કરેલી છે. આમ આ પણ એક નોંધપાત્ર વારતાનું સંપાદન છે.

**૫. ગોપીચંદ-ભરથરીની વારતા :**

ભગવાનદાસ પટેલ પાસેથી અન્ય નોંધપાત્ર સંપાદન 'ગોપીચંદ-ભરથરીની વારતા' (૨૦૦૫) પ્રાપ્ત થાય છે. મૂળમાં તો ફરામજી બહેરામજીએ ગુજરાત અને કાઠિયાવાડી વાર્તાઓના સંગ્રહમાં આ વારતા ભાટ-તૂરીની કંઠપરંપરાના સંદર્ભમાં પ્રગટ કરેલી પછી તો આ વારતાના અંશો છૂટા-છવાયા મળતાં હતાં. ક્યાંક કેટલીક કડીઓ ખૂટતી હતી તે આદિવાસીઓ પાસેથી મળી. આદિવાસીઓની કથામાં ગધેડાની આરંભની ભૂમિકા અને ગોપીચંદનો પૂર્વભવ, ભરથરીનો પૂર્વભવ ખૂટતો હતો જે અહીંથી મળ્યા. આમ અહીં પણ પૂર્વભવની કથા હિંદુધર્મમાં તેનો સ્વીકાર વગેરે આ લોકવારતાની વિશેષતા છે. આ બધી કથાઓનાં અંકોડા શાસ્ત્રીય ઢબે ભગવાનદાસે મૂકી વારતા સંપાદિત કરી છે.

આમ, ભગવાનદાસ પટેલની ઉત્તર ગુજરાતના લોકસાહિત્યના ક્ષેત્રમાં આ પ્રકારની લોકવાર્તાઓનું સંપાદન ઉત્તમ સિદ્ધિ છે. કોઇપણ સંપાદનમાં શાસ્ત્રીયતા સાથે સાથે મૂળપાઠનું એટલુ મહત્વ અને ગૌરવ છે. આ બધી બાબતોને ધ્યાનમાં રાખી આ સંપાદનો ભગવાનદાસ પટેલની સંપાદક તરીકેની ગરિમા વધારે છે. અહીં નોંધેલી કે ચર્ચા કરેલી લોકવારતાઓ કહો કે ડુંગરી ભીલોની લોકવારતા માત્ર ઉદાહરણ છે. આ ઉપરાંત ભગવાનદાસ પટેલ ડુંગરી ભીલી લોકસાહિત્યના સંદર્ભે અનેક લોકગીતોના પણ શાસ્ત્રીય સંપાદનો આપ્યા છે. માત્ર લોકવારતાની જ વાત કરીએ તો અહીં દર્શાવેલી લોકવાર્તાઓ ઉપરાંત 'ભીલોનું ભારથ', હોનોલ કોરી, 'ખૂંતાનો રાજવી અને દેવોલ ગુજરણ', ઢોલા-મારુણી, 'રૂપારોણીની વારતા', 'પિયા દે ડોખલી', 'લાલુ અરિદા મોતીચરાની વારતા', 'શોધસંપદા', 'લોકયાત્રા' વગેરે પણ એટલાં નોંધપાત્ર છે. ભગવાનદાસ પટેલના આવા નોંધપાત્ર સંપાદનો વિશે નોંધતા હસુ યાજ્ઞિક નોંધે છે.

'આદિવાસી કંઠપ્રવાહની કૃતિઓનાં સંપાદન, સંશોધન અને અભ્યાસનું સર્વોન્નત શિખર ભગવાનદાસ પટેલના નિષ્ઠાપૂર્વક અભ્યાસથી સિધ્ધ થયાં. બે, અઢી દાયકાના સમયગાળામાં એક જ ક્ષેત્રની એક જ ભીલી પેટા જાતિની કંઠપરંપરામાંથી એવું-એવું ને એટ-એટલું મૂલ્યવાન એમણે અંકે કરી આપ્યું કે એને માત્ર ઘટનારૂપે જ નહીં, વિદ્યાદાયિની માતા સરસ્વતીના વરદાન રૂપે જ લેખી શકાય.'

**સંદર્ભગ્રંથ :**


૧. ગુજરાતનો આદિવાસી લોકસાહિત્યનો ઇતિહાસ, હસુ યાજ્ઞિક

૨. લોકવાગ્મય, કનુભાઇ જાની

૩. લોકસાહિત્ય સંશોધન પધ્ધતિ, હસુ યાજ્ઞિક